## PMFME (FAQ)

**PMFME યોજના શું છે?**

**જવાબ:** આ એક કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર ની સહાય યોજના છે, જે ભારતભરમાં માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ને ઔપચારિક અને મજબૂત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે.

યોજના વિષે વધુ માહિતી મેળવવા માટે અભ્યુદય ગ્રુપ નો સંપર્ક કરો. (સમગ્ર ગુજરાત ના બધા જ જિલ્લાઓ માટે ના ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સન)

- Website: www.abhyudaypmfme.in
- (M.) (દર્શિતા) 9904133511

| | |
|---|---|
| ઉત્તર ગુજરાત:<br>• ભવન ભાઈ: 9316723492<br>• પંકજ ભાઈ: 6353342011 | મધ્ય ગુજરાત:<br>• ધ્રુવિન ભાઈ: 7859945584 |
| સૌરાષ્ટ્ર - કચ્છ:<br>• મનીષ ભાઈ: 9023901981 | દક્ષિણ ગુજરાત:<br>• પિયુષ ભાઈ: 9316723488<br>• કૃણાલ ભાઈ: 9054996344 |

**કયા પ્રકાર ના એકમો ને લાભ મળે છે?**

જવાબ:

- માઇક્રો ફૂડ એન્ટરપ્રાઇઝ માટે ની યોજના હોવાથી, માઈક્રો યુનિટ હોવું જોઈએ - હાલની વ્યાખ્યા પ્રમાણે પ્લાન્ટ એન્ડ મશીનરી માં મૂડી રોકાણ રૂપિયા 2.5 Cr થી વધુ નહિ અને વાર્ષિક ટર્નઓવર 10 cr થી વધુ નહી.
- ફૂડ યુનિટ હોવું જોઈએ - યોજના માં સૂચવેલ અપાત્ર પ્રવૃત્તિ સિવાય નું ફૂડ પ્રોસેસિંગ યુનિટ
- પ્રોસેસિંગ કરતુ હોવું જોઈએ - માત્ર ખરીદ વેચાણ નું એકમ પાત્ર નથી.

### ક્રેડિટ લિંક્ડ સબસિડી – મુખ્ય મુદ્દા (વ્યક્તિગત)

**1. PMFME હેઠળ પાત્ર પ્રોજેક્ટ કોસ્ટમાં શું આવે છે?**

જવાબ: પાત્ર ખર્ચમાં પ્લાન્ટ અને મશીનરી તથા ટેકનિકલ સિવિલ વર્ક (ટેકનિકલ સિવિલ વર્ક એટલે એવું બાંધકામ જે પ્લાન્ટ અને મશીનરી ના ઈન્સ્ટોલેશન અને ઓપેરશન માટે જરૂરી હોય, આ યોજના હેઠળ પાત્ર પ્રોજેક્ટ કોસ્ટ ના ૩૦ % સુધી જ ટેકનિકલ સિવિલ વર્ક નો ખર્ચ સબસિડી ને પાત્ર થશે) નો સમાવેશ થાય છે.

**૧૦૦૧ અને ૧૦૨૦, ટાઈમ સ્કવેર આર્કેડ, બાગબાન પાર્ટી પ્લોટ ની નજીક, થલતેજ-શીલજ રોડ, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૯, ગુજરાત, ભારત.**

**2. જમીન અને બિલ્ડિંગનો ખર્ચ આવરે છે?**

જવાબ: નહીં. જમીન નો ખર્ચ, ભાડું અથવા ભાડાપટે લેવાયેલ શેડનો ખર્ચ પાત્ર પ્રોજેક્ટ કોસ્ટ માં આવરી લેવામાં આવતો નથી.

**3. ટેકનિકલ સિવિલ વર્ક માટે ઊપરી મર્યાદા છે?**

જવાબ: હા, ટેકનિકલ સિવિલ વર્ક પાત્ર પ્રોજેક્ટ કોસ્ટના 30% થી વધુ ન હોવો જોઈએ.

## વ્યક્તિગત કેટેગરી માટે સહાય

**1. વ્યક્તિગત માઇક્રો એન્ટરપ્રાઇઝને કેટલી સબસિડી મળે?**

જવાબ: વ્યક્તિગત યુનિટોને ક્રેડિટ લિંક્ડ કેપિટલ ગ્રાન્ટ 35% દરે મળે છે, જેમાં મહત્તમ મર્યાદા પ્રતિ યુનિટ ₹10 લાખ છે.

**2. વ્યક્તિગત કેટેગરી માં કોણ અરજી કરી શકે?**

જવાબ:

- વ્યક્તિગત ઉધોગસાહસિક
- પ્રોપ્રાઈટરી ફર્મ
- પાર્ટનરશીપ ફર્મ
- સ્ટાર્ટઅપ
- FPOs
- NGOs
- સહકારી સંસ્થાઓ
- પ્રાઈવેટ લિમિટેડ કંપની
- SHG અથવા SHG સભ્યો (વ્યક્તિગત ફૂડ પ્રોસેસિંગ યુનિટ તરીકે)

**3. લાભાર્થી તરફથી ઓછામાં ઓછુ કેટલું યોગદાન જરૂરી છે?**

જવાબ: લાભાર્થી એ ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ ના ઓછા માં ઓછા ૧૦% પોતે યોગદાન રૂપે આપવુ પડે છે; બાકી રકમ બેંક લોન તરીકે મળે છે. (જેમા ગ્રાન્ટ-ઈન-એડ પણ આવે છે)

**4. નવા કે હાલના એકમો – કોણ પાત્ર છે?**

જવાબ: નવા માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એકમો તથા વિસ્તરણ/અપગ્રેડેશન કરવા ઇચ્છતા હાલના એકમો બંને પાત્ર છે.

**5. ODOP એન્ટરપ્રાઇઝ ફરજિયાત છે?**

જવાબ: નહીં. ODOP એકમોને પ્રાથમિકતા મળે છે, પણ નોન-ODOP એકમો પણ પાત્ર છે.

**6. અરજદાર માટે ઓછામાં ઓછી ઉમર કેટલી જોઈએ?**

જવાબ: અરજદાર ની ઉમર 18 વર્ષથી વધુ હોવી જરૂરી છે.

**7. કોઈ શૈક્ષણિક લાયકાત જરૂરી છે?**

જવાબ: ન્યૂનતમ શૈક્ષણિક લાયકાતની કોઈ ફરજિયાત શરત નથી.

**8. કયા માલિકીના અધિકારો જરૂરી છે?**

જવાબ: જે જગ્યાએ યુનિટ હોય અથવા નવું શરુ કરવાનું હોય એ જગ્યાની માલિકી / લિઝ ડીડ /ભાડા કરાર જરૂરી છે.

**9. એક કુટુંબ માં કેટલા સભ્યોને સહાય મળી શકે છે?**

જવાબ: એક કુટુંબ (પોતે, પત્ની, બાળકો) માં થી માત્ર એક વ્યક્તિને જ સહાય મળી શકે છે.

**10. પાત્રતા માટે પહેલાંનો ટર્નઓવર અથવા અનુભવ ફરજિયાત છે?**

જવાબ: ના, અરજી કરવા માટે ન્યૂનતમ ટર્નઓવર અથવા અનુભવ ની કોઈ શરત નથી.

**11. વ્યક્તિઓને DPR (ડીટેઇલડ પ્રોજેક્ટ રિપોર્ટ) સપોર્ટની જરૂર છે?**

જવાબ: હા, DPR ફરજિયાત છે, જે DRPની મદદથી તૈયાર કરવું.

**12. DPRમાં કયા ભાગો ભરવા પડે છે?**

જવાબ: અરજદારની વિગતો, વ્યવસાયની વિગતો, નાણાકીય વિગતો, લોન આપનાર બેંકની વિગતો, દસ્તાવેજ અપલોડ, ડિક્લેરેશન અને સબમિટ.

**13. અન્ય યોજનાઓ હેઠળ લોન લીધેલા અરજદાર અરજી કરી શકે?**

જવાબ: હા. અન્ય સરકારી સબસિડી-લિંક્ડ યોજનાઓ હેઠળ લોન લીધેલા અરજદાર પણ પાત્ર છે.

**14. અરજદારો બહુવિધ સરકારી યોજનાઓ એકસાથે લઈ શકે?**

જવાબ: હા. અરજદારો અન્ય યોજનાઓ હેઠળ ઇન્ટરેસ્ટ સબ્વેન્શન અને ટોપ-અપ કન્વર્જન્સ પણ લઈ શકે છે.

**15. પોર્ટલ પર કેવી રીતે નોંધણી કરવી?**

જવાબ: અભ્યુદય ના ટીમ મેમ્બર ની મદદથી નોંધણી સરળતાથી થઇ શકશે. અમારો સંપર્ક કરો.

- લિંક: www.abhyudaypmfme.in
- (M.) (દર્શિતા) 9904133511

| ઉત્તર ગુજરાત: | મધ્ય ગુજરાત: |
|---|---|
| • ભવન ભાઈ: 9316723492<br>• પંકજ ભાઈ: 6353342011 | • ધ્રુવિન ભાઈ: 7859945584 |
| સૌરાષ્ટ્ર - કચ્છ:<br>• મનીષ ભાઈ: 9023901981 | દક્ષિણ ગુજરાત:<br>• પિયુષ ભાઈ: 9316723488<br>• કૃણાલ ભાઈ: 9054996344 |

**16. યુનિટ્સ માટે કયા પ્રકારની મિલકતો પાત્ર છે?**

જવાબ: માલિકીવાળી, ભાડાની અથવા લીઝવાળી જમીન/બિલ્ડીંગ (લીઝ/ભાડો લોન ચૂકવણી કાળ કવર કરવો જોયીએ).

**17. મશીનરી ક્વોટેશન્સ માટે GST ફરજિયાત છે?**

જવાબ: હા, મશીનરી ક્વોટેશન્સ માં GST વિગતો શામેલ હોવી જોઈએ.


**18. અરજદાર અરજી ની સ્થિતિ કેવી રીતે તપાસે?**

જવાબ: User ID & Password થી PMFME પોર્ટલ માં લોગિન કરીને.

લિંક: PMFME હોમ: https://pmfme.mofpi.gov.in/pmfme/#/Home-Page

અથવા નીચેના ચિત્રમાં દર્શાવેલા મુજબ "Track Status" પર ક્લિક કરો.






**19. વર્કિંગ કેપિટલ માટે સહાય મેળવી શકાય છે?**

જવાબ. ના, સહાય ફક્ત પ્લાન્ટ અને મશીનરી તથા ટેકનિકલ સિવિલ વર્ક માટે જ આપવામાં આવે છે.

## અનુરૂપતા અને ઔપચારિકતા

**1. લાભાર્થીઓ માટે કયા રજીસ્ટ્રેશનો ફરજિયાત છે?**

જવાબ. ઉદ્યમ રજીસ્ટ્રેશન, FSSAI, GST (જ્યાં લાગુ પડે ત્યાં).

**2. કોમ્પ્લાયન્સ માં DRPs ની ભૂમિકા શું છે?**

જવાબ. લાભાર્થીઓ એ તમામ ફરજિયાત રજીસ્ટ્રેશનો અને પ્રમાણપત્રો મેળવી લીધાં છે તેની ખાતરી કરવી.

**3. શું એકમો રજીસ્ટ્રેશન વિના કામ કરી શકે?**

જવાબ. ના, PMFME હેઠળ રજીસ્ટ્રેશન ફરજિયાત છે.

## અપાત્ર પ્રવૃત્તિઓ

**1.કઈ પ્રવૃત્તિઓ સહાય માટે પાત્ર નથી?**

જવાબ. આ યોજના માં સહાય લેવા માટે પ્રોસેસીંગ કરવું જરૂરી છે, દાખલા તરીકે અનાજ માથી લોટ, ફળ માથી પલ્પ વગેરે. પ્રોસેસ કર્યા વિના ના અનાજ, દાળ, મસાલા, દૂધ, ફળ, શાકભાજી, નાના જંગલ ઉત્પાદનો વગેરેના માત્ર વેપાર માટે સહાય ઉપલબ્ધ નથી.

**2. શું છૂટક દૂધ અથવા દહીંને સહાય મળી શકે?**

જવાબ. ના, પ્રોસેસ કર્યા વિના ના અથવા છૂટક દૂધ/દહીંનું વેચાણ આવરી લેવામાં આવતું નથી.

**3. શું મધમાખી ઉછેર (bee keeping) અથવા મધનું રીપેકિંગ સહાયપાત્ર છે?**

જવાબ. ના, છૂટક મધનું વેચાણ સહાયપાત્ર નથી.

**4. શું હોટેલ, રેસ્ટોરન્ટ અથવા ટિફિન સેવા સહાયપાત્ર છે?**

જવાબ. ના, ફૂડ સર્વિસ એન્ટરપ્રાઈઝિસ સહાય માટે પાત્ર નથી.

**5. શું પોલ્ટ્રી, ડુક્કર ઉછેર અથવા બકરાઓનું ઉછેર સહાયપાત્ર છે?**

જવાબ. ના, પશુપાલન તથા પશુ ઉછેર સંબંધિત પ્રવૃત્તિઓને PMFME હેઠળ સહાય ઉપલબ્ધ નથી.

## દસ્તાવેજ તપાસ યાદી

**1.નવી સંસ્થાઓ માટે કયા ફરજિયાત દસ્તાવેજો જરૂરી છે?**

જવાબ

1. સંસ્થા/તમામ પ્રમોટરનો પેન કાર્ડ અથવા ફોર્મ 60.

2. બધા પ્રમોટરનો/જામીનદારનો આધાર કાર્ડની નકલ અને ફોટોગ્રાફ.

3. સરનામાનો પુરાવો (ઓફિશિયલી માન્ય દસ્તાવેજ-OVD પૈકી કોઈ એક):

   i. બે મહિનાથી વધુ જૂનું ન હોય એવું યુટિલિટી બિલ (વીજળી, ટેલિફોન, પોસ્ટ-પેઇડ મોબાઇલ, પાઇપ ગેસ, પાણીનું બિલ),

   ii. સંપત્તિ કે નગરપાલિકાનો કર ચુકવણી ની રસીદ,

   iii. રેશન કાર્ડ (વ્યક્તિગત),

   iv. ડ્રાઇવિંગ લાઇસન્સ,

   v. આધાર કાર્ડ,

   vi. મતદાર ઓળખ કાર્ડ.

4. યુનિટ ક્યાં સ્થાપવામાં આવવા નો છે તેની વિગત (માલિકીની / ભાડે / લીઝ પર) અને તેનો પુરાવો.

5. છેલ્લા 6 મહિનાની બેંક સ્ટેટમેન્ટ / બેંક પાસબુકની નકલ.

6. મૂડી ખર્ચ ની અંદાજીત કિંમત અને ખરીદવાનાં મશીનરી તથા ઉપકરણો ના કોટેશન.

**2. હાલમાં હયાત યુનિટ્સ ₹1 કરોડથી ઓછા ટર્નઓવર ધરાવે છે તો કયા દસ્તાવેજો ફરજિયાત છે?**

જવાબ

1. સંસ્થાનો પેન કાર્ડ.

2. બધા પ્રમોટરનો/પ્રસ્તાવિત જામીનદારનો આધાર અને ફોટો.

3. સરનામાનું પુરાવું (OVD પૈકી કોઇ એક):

i. બે મહિનાથી વધુ જૂનો ન હોય એવો યુટિલિટી બિલ (વીજળી, ટેલિફોન, પોસ્ટ-પેઇડ મોબાઇલ, પાઇપ ગેસ, પાણીનું બિલ),

ii. સંપત્તિ કે નગરપાલિકાનો કરચુકવણીનો રસીદ,

iii. રેશન કાર્ડ (વ્યક્તિગત),

iv. ડ્રાઇવિંગ લાઇસન્સ,

v. આધાર કાર્ડ,

vi. મતદાર ઓળખ કાર્ડ.

4. યુનિટ ક્યાં સ્થાપિત છે તેની વિગત (માલિકીની / ભાડે / લીઝ પર) અને તેનો પુરાવો.

5. ઉધમ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ/IE કોડ (જ્યાં લાગુ પડે ત્યાં)/લાયસન્સ (ટ્રેડ લાયસન્સ, દુકાન અને એસ્ટાબ્લિશમેન્ટ રજીસ્ટ્રેશન, પંચાયત લાયસન્સ, કોર્પોરેશન લાયસન્સ, નગરપાલિકાનો લાયસન્સ), ઉધમ આધાર, FSSAI, GST (જ્યાં લાગુ પડે ત્યાં).

6. બિઝનેસ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (વ્યક્તિગત/પ્રોપ્રાઇટરી માટે લાગુ પડશે નહીં).

7. ફર્મના છેલ્લા 6 મહિનાના બેંક સ્ટેટમેન્ટ/પાસબુકની નકલ.

8. મૂડી ખર્ચ ની અંદાજીત વિગત અને ખરીદવાનાં મશીનરી તથા ઉપકરણોની કોટેશન. હાલની યુનિટ નો ફોટો.

**3. હાલમાં હયાત યુનિટ્સ જેમ નું ટર્નઓવર ₹1 કરોડથી વધુ છે, તેમના માટે કયા દસ્તાવેજો ફરજિયાત છે?**

જવાબ

1. સંસ્થા/ગ્રુપ સંસ્થા/તમામ પ્રમોટર/જામીનદારનો પેન કાર્ડ.

2. બધા પ્રમોટર/જામીનદારનો આધાર કાર્ડ અને ફોટો.

3. સરનામા નો પુરાવો (OVD પૈકી કોઇ એક):

i. બે મહિનાથી વધુ જૂનું ન હોય એવો યુટિલિટી બિલ (વીજળી, ટેલિફોન, પોસ્ટ-પેઇડ મોબાઇલ, પાઇપ ગેસ, પાણીનું બિલ),

ii. સંપત્તિ કે નગરપાલિકાનો કરચુકવણી ની રસીદ,

iii. રેશન કાર્ડ (વ્યક્તિગત),

iv. ડ્રાઇવિંગ લાઇસન્સ,

v. આધાર કાર્ડ,

vi. મતદાર ઓળખ કાર્ડ.

4. ઉદ્યમ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ/IE કોડ (જ્યાં લાગુ પડે ત્યાં)/લાયસન્સ (ટ્રેડ લાયસન્સ, દુકાન અને સ્થાપના રજીસ્ટ્રેશન, પંચાયત લાયસન્સ, કોર્પોરેશન લાયસન્સ, નગરપાલિકા નું લાયસન્સ).

5. બિઝનેસ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (વ્યક્તિગત/પ્રોપ્રાઇટરી માટે લાગુ નહીં પડે).

6. ફર્મના છેલ્લા 6 મહિનાના બેંક સ્ટેટમેન્ટ/પાસબુકની નકલ.

7. યુનિટ ક્યાં સ્થાપિત છે તેની વિગત (માલિકીની / ભાડે / લીઝ પર) અને તેનો પુરાવો.

8. મૂડી ખર્ચ ની અંદાજીત વિગત તથા ખરીદવાનાં મશીનરી અને ઉપકરણો ના કોટેશન. હાલની યુનિટ ના ફોટો.

9. વધુ માં વધુ 3 વર્ષનું ઑડિટેડ બેલેન્સ શીટ અને ITR

10. ઉદ્યોગ મુજબનું લાયસન્સ (FSSAI, પ્રદૂષણ મંજૂરી, ESI, વગેરે) ની નકલ.

11. GSTIN રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ.

12. અગાઉ ના નાણાકીય વર્ષોના GST રીટર્ન.

13. હાલની મશીનરી અને ઉપકરણોની યાદી.

## પીએમએફએમઇ યોજના હેઠળ જિલ્લા સંસાધન વ્યક્તિઓને (DRPs) વિશેના FAQs

### 1.મારા જિલ્લા નો DRP કોણ છે અને તેમનો સંપર્ક કેવી રીતે કરવો?

જવાબ. અભ્યુદય ભારત પ્રોજેક્ટસ પ્રા.લિ. એ ગુજરાત ના DRP (District Resource Person) ઓ પૈકી એક છે. જે સમગ્ર ગુજરાત ના તમામ જિલ્લા માં કાર્યરત છે. તમે ગમે ત્યારે અભ્યુદય નો સંપર્ક કરી શકો છો.

તમે નીચે દર્શાવેલા સોર્સ થી contact કરી શકો છો.

- Mo. number: 9904133511
- E Mail id: darshita@abhyuday.in
- Website: www.abhyudaypmfme.in

| | |
|---|---|
| ઉત્તર ગુજરાત:<br>• ભવન ભાઈ: 9316723492<br>• પંકજ ભાઈ: 6353342011 | મધ્ય ગુજરાત:<br>• ધ્રુવિન ભાઈ: 7859945584 |
| સૌરાષ્ટ્ર - કચ્છ:<br>• મનીષ ભાઈ: 9023901981 | દક્ષિણ ગુજરાત:<br>• પિયુષ ભાઈ: 9316723488<br>• કૃણાલ ભાઈ: 9054996344 |

### 2. પીએમએફએમઇ યોજના હેઠળ મારો DRP મને કેવી રીતે મદદ કરશે?

જવાબ. યોજના જિલ્લા/પ્રાદેશિક સ્તરે DRPs નીચે મુજબ હેન્ડહોલ્ડિંગ સપોર્ટ આપી શકે.

તેમના કાર્યોમાં શામેલ છે:

i. ક્રેડિટ-લિંક્ડ સબસિડી મેળવવા માટે અરજદારો ની પસંદગી અને પાત્રતા ની ચકાસણી.

ii. DPR તૈયાર કરવામાં અને બેંક લોન મંજૂર કરવામાં મદદ.

iii. મંજૂરીઓ અને પ્રમાણપત્રો જેમ કે FSSAI, ઉદ્યમ, GST વગેરે મેળવીને યુનિટ્સના અપગ્રેડેશન અને ઔપચારિકીકરણમાં સુવિધા.

iv. નિયુક્ત તાલીમ એજન્સીઓ સાથે સંકલન.

v. તાલીમ કાર્યક્રમો દરમિયાન લાભાર્થીઓનું મૂલ્યાંકન કરવું અને તાલીમ ભેગા હાજરીનું પ્રમાણપત્ર આપવું.

**3. DRP ની સેવાઓ માટે કોઈ ફી ભરવી પડે છે?**

જવાબ. લાભાર્થીઓ એ DRP ને કોઈ ફી ભરવાની નથી.

**4. અરજી ભરવા માટે DRP ના ઓફિસ/ઘરે જવું જોઈએ?**

જવાબ તમે નીચે દર્શાવેલા સોર્સ થી અમારો contact કરી શકો છો.

- Mo. number: 6353342011 / 9904133511
- E Mail id: darshita@abhyuday.in
- Website: www.abhyudaypmfme.in

| | |
|---|---|
| ઉત્તર ગુજરાત:<br>• ભવન ભાઈ: 9316723492<br>• પંકજ ભાઈ: 6353342011 | મધ્ય ગુજરાત:<br>• ધ્રુવિન ભાઈ: 7859945584 |
| સૌરાષ્ટ્ર - કચ્છ:<br>• મનીષ ભાઈ: 9023901981 | દક્ષિણ ગુજરાત:<br>• પિયુષ ભાઈ: 9316723488<br>• કૃણાલ ભાઈ: 9054996344 |

**5. DRP મને પ્રક્રિયા દરમિયાન કેટલા સમય સુધી સપોર્ટ આપશે?**

જવાબ. DRPs એન્ડ-ટુ-એન્ડ હેન્ડહોલ્ડિંગ આપે છે — લોન અરજીથી લઈને બેંક લોન મંજૂરી અને PMFME યોજના અનુસાર ફોર્મલાઇઝેશન સુધી, એટલે કે FSSAI, ઉદ્યમ અને GST રજીસ્ટ્રેશન અપલોડ કરવું (જ્યાં લાગુ પડે ત્યાં), યુનિટના ફોટા જીયો લોકેશન સાથે અપલોડ કરવા.